વહેમ ખંડન પોથી.

ભાગ પેહેલો.

બનાવી પ્રસિદ્ધ કરનાર.

ગંગાબાઇ પ્રાણશંકર, વિક્ટોરીઆ
કન્યાશાળાનાં હેડમિસ્ટ્રેસ. મુ. માણ્ર

દોહરો.

સમજુને નહિ ડગી એક, ઢોંગી જનકે ભૂત;
જાગે છે વસુધા વિષે, ભોળા જનને ભૂત.

વૈશાખ સંવત ૧૯૪૭. સને ૧૮૯૧.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસમાં
છાપી પ્રસિદ્ધ કરી.

કીંમત ૨ આના.

મફત.

વહેમ ખંડન પોથી.

ભાગ પેહેલો.

બનાવી પ્રસિદ્ધ કરનાર.
ગંગાબાઇ પ્રાણશંકર, વિક્ટોરીઆ
કન્યાશાળાનાં હેડમિસ્ટ્રેસ. મુ. માણસા.

દોહરો.

સમજુને નહિ ઠગિ શકે, ઢોંગી જનકે ધૂત;
વળગે છે વસુધા વિષે, ભોળા જનને ભૂત.

વૈશાખ સંવત ૧૯૪૭.   સને ૧૮૯૧. મે.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસમાં
છાપી પ્રસિદ્ધ કરી.




મહેરબાન રાવ સાહેબ,

રા. રા. કલ્યાણજી પુંજારામ કારભારી સાહેબ, મુ. રોહા.

આપ સાહેબ ગુજરાતી ભાષાની ઉન્નતી કરવા હમેશ શ્રમ લઈ, સારાં પુસ્તકોની વૃદ્ધી કરવાની અથાગ ઉમેદ રાખતા છો; અને બોધદાયક ગ્રંથો તથા નિબંધો રચાવવા તરફ આપની અખંડિત ઉત્કંઠા, સ્વદેશ નરોના ઉપર લાંબા કાળથી જોશભેર ચઢી આવેલું વહેમ રૂપી વાદળ અળગુ કરવા તરફ આપની બળવત ઉત્સુકતા; અને વિદ્યા કાળમાં દીનપરદીન વૃદ્ધી કરી સૌરાષ્ટ્ર ભૂમીને આબાદ દેદીપાયમાન ઉજવળ સ્થિતિએ આણવાની અપૂર્વ કાળજી રાખી વિદ્વાન વર્ગની પંકતીમાં પહેલ કાઢવા સમર્થ છો. વિદ્વાન, ઉદાર, બુદ્ધીમાન, ધૈર્યવાન, સદાચરણના સ્થંભરૂપ અને સત્સંગના લોભી છો. એથી પરવાનગી મેળવી આ લઘુ ગ્રંથ આપનેજ અર્પણ કરવામાં આનંદ માનુંછું.

માણસા.
તા. ૧-૬-૯૧.

ગંગાબાઇ પ્રાણશંકર કન્યાશાળાનાં હેડ મિસ્ટ્રેસ.
મુ. માણસા.




प्रस्तावना.

સગુણ સુજ્ઞ બ્હેનો અને બાઇઓ, આધુનીક સમયમાં આપણે સર્વે, અપાર તરેહનાં સુખ, બ્રિટીશ રાજ્યની પવિત્ર અને પ્રમાણીક રાજનિતીથી પ્રસંગોપાત પામી, હમેશ વિજ્ઞાનવાન બની; કળા કૌશલ્ય-તામાં કુશળ અને વિદ્યામાં વિશેષ કાબેલ થવાનાં અદ્ભુત સાધન, અને સર્વોત્તમ સુખ સંપાદન કરવાનાં સિદ્ધાં દ્વારો દસોદીશથી દ્રષ્ટીગોચર થાયછે. તેવે સમયે ભૂત, કામણ, નજર, ઉતાર, જાદુ, બાધા, ઇત્યાદી અપાર અહિત કર્તા વહેમ અથાગ મનુષ્યના હૃદયમાં વાસ કરેલો નીરખી કેટલી બધી ખેદયુક્ત સ્થિતી બની જાયછે ? સદહુ ખોટી વહેમની અસાર દૂર કરવા દરેક મનુષ્ય અંતઃકરણના ઉલટથી ખંત રાખી દરેક ગામોમાં વહેમ નિષેધ કરવાનાં અસરકારક આખ્યાનો આપી દેશની સ્થિતિ સુધારવા સદા સન્મતી દાખવશે તોજ. આ મારો લઘુ ગ્રંથ રચવાનો પ્રયાસ ફળીભુત થયો હું સમજીશ.

મુ. માણસા. } ગંગાબાઇ પ્રાણશંકર.
કન્યાશાળાનાં હેડમિસ્ટ્રેસ.

अनुक्रमणिका.



વહેમ ખંડન પોથી.

વહેમ! આ કલ્પિત ભ્રમના પાસમાં અપાર મનુષ્યનાં ચિત્ત એકી દ્રષ્ટીએ દોરાઈ જવાથી તેઓ ચરાચ્ય દુઃખના દમામમાં દુઃખી થતા પ્રસંગોપાત દ્રષ્ટીગોચર થાય છે. શું આ બીના એવા અજ્ઞાન મનુષ્યોની હસવા જેવી મૂર્ખાઇને ઓછું લજ્જા પમાડી જગતમાં ફજેત કરનારી છે? વહેમ, આ ચાલને વળગી રહેવાથી આર્ય બંધુઓ છતે પૈસે બેહાલ, છતે સાધને સાધન વગરના, છતી હીંમતે બાયલા અને છતી આંખે આંધળા હંમેશ દ્રષ્ટીગોચર થાય છે. પરંતુ જ્યાં સુધી આવો અજ્ઞાનતાઈ ભરેલો કુચાલ આર્ય તનુજોના અંગમાંથી અળગો થવાનો નથી ત્યાં સુધી ખ્યાતી, વૈભવ, મહીમા, પૈસો અને મહાત્મ્ય દૂરને દૂર દોડતું દેખાશે.

બ્રિટીશ રાજ્યના સત્તાધીશો આધુનીક કાળમાં ઉજ્વળ સ્થિતિએ પહોંચી પૃથ્વીના ઘણા ભાગ ઉપર વિજયી વાવટા પ્રસરાવી દિગવીજય કરી બેઠા છે. જે હંમેશ સકળ દિવસ ઐશ્વર્ય સુખના જેવા અથાગ હર્ષથી અને સંપૂર્ણ સંતોષથી વીસર્જન કરેછે. હંમેશાં ધારેલી મુરાદ બર લાવી ફતેહના ડંકા દશોદીશ ગજાવી મુકયા છે. આ બધું સર્વોત્કૃષ્ટ વિધ વિધ બાબતનું વિજયપણું પામવાનું નિશ્ચય કારણ તેઓની પ્રકૃતી વહેમથી વેગળી, હીમત્તથી ભરપૂર અને ભ્રમણાથી મુક્ત શીવાય બીજું શું હશે?

મનુષ્યના હૃદયમાં ભિન્ન ભિન્ન વહેમ ઘર કરવા રૂપે સજ્જડ ચોંટી રહી અપાર કષ્ટ સહન કરાવે છે તે કષ્ટ વેગળું કરવા સ્વદેશ હિતેચ્છુ રા. મહીપતરામ, રા. ભોળાનાથ, દલપતરામ, નર્મદાશંકર, કરશનદાસ, ઇચ્છાશંકર અને દુર્ગારામ વિગેરેની તિક્ષ્ણ કલમોના કટાક્ષરૂપી

લખાણોના પરીબળના પ્રતાપથી ભિન્ન ભિન્ન જાતનાં હૃદયને અસર કરે એવાં ઉપયોગી પુસ્તકો લખી પ્રગટ કરાવેલાં પણ કમનસીબ હિંદી પુત્રોનાં કે તેમના નરમ હૃદયમાં સજ્જડ વશી રહેલો વહેમ અથાગ પ્રયાસ કરવા છતાં દૂર થતોજ નથી; અને દૂર ન થવાની અશુભ આશાએ તેવાં ઉપયોગી પુસ્તકો તેમને પ્રીય અને સાચાં લાગતાંજ નથી. કેવી તેમના કર્મની વીચીત્ર ગતી !

સતરમી સદીના છેવટ સુધી ઈંગ્લાંડમાં તેમજ યૂરોપના ઘણા ખરા ભાગમાં ભૂત, ડાકણ તથા જાદુનું અસ્તિત્વ પૃથ્વી ઉપર છે એમ સાધારણ રીતે માનવામાં આવતું. ડાકેણો સંબંધિનો કાયદો એવો સખ્ત હતો કે તેને પકડી બાળી નાંખવી, માત્ર ઈંગ્લાંડમાં ત્રીશ હજાર પાખંડી સ્ત્રીઓ, જે ડાકણોના નામે અથાગ લોકોને ઠગતી, માટે તેમને બાળી નાંખવામાં આવી હતી. અઢારમી સદીની શરૂઆતમાં લોકોના મનનું વલણ બદલાવા લાગ્યું. એ સંબંધી જે કાયદા થયા હતા તે રદ થઈ ગયા. બીજા જ્યાં જેના વખતમાં એક્ટ ૫ મો, પ્રકરણ ૪ થું અને એક્ટ ૫૬ મો, પ્રકરણ ૧૩૮ મું. એ બહાર પડ્યાથી ડાકણોને થતી શિક્ષા તદ્દન બંધ પડી. હાલમાં એ સંબંધી અનેક ગ્રંથો ઉપર જણાવેલા સ્વદેશ પ્રેમી જનોની ચાલાક બુદ્ધીના બળે છપાયાં અને સૃષ્ટીમાં ભૂત ડાકેણ એવું કાંઈ છેજ નહીં એ મત્ત ફેલાવો પામ્યો. તેમાં કેટલાક હિમ્મતવાન પુરૂષોએ એ બાબત વહેમી લોકોને સમજાવવા પ્રયાસ કર્યો. સૌથી વિશેષ ખંતથી પહેલ કાઢી આગળ પડનાર મહેતાજી દુર્ગારામ હતા. એમને ઈ. સ. ૧૮૨૭ માં ઓરપાડની સરકારી સ્કૂલ ચલાવવાને મોકલવામાં આવ્યા હતા, ત્યાં એક રસ્તે ભાડે સગવડ ભરેલું મકાન મળી શકે તેમ હતું પણ તેમાં ભૂત વસે છે એવા ડરથી કોઈ રહેતું નહીં. એ ઘર એમણે હિમ્મત રાખી ભાડે લીધું અને ભૂ-

તની અડચણ એમને મુદ્દલ નડીજ નહીં. તે ઉપરથી તેમણે એ બાબત શોધ ચલાવવા માંડયો. જ્યારે એમને ખાત્રી થઈ કે એ તદ્દન વહેમ છે. ત્યારે તેમણે સુરતમાં "માનવ સભા" સ્થાપી. તેમાં એ વિષયનાં છટાબંધ ભાષણ આપવા માંડ્યાં. ઈ. સ. ૧૮૪૯ માં એમણે જાહેરનામાં બહાર પાડી કોઈ પણ જાદુગર કીંવા વીરવિદ્યા જાણનાર હોય તેને પોતાની કળા જાહેરમાં બતાવવા આમંત્રણ કર્યું, અને જો સિદ્ધ કરી આપે તો ઈનામ આપવાનું જાહેર કર્યું, પણ કોઇથી તેમ થઈ શક્યું નહીં. એમની મંડળી પાંચ દદ્દાની કહેવાતી તેમાં રા. બા. દાદોબા, પાંડુરંગ તથા મહેતાજી દુર્ગારામ મુખ્ય હતા. એમણે લોકોના મન ઉપર બહુ અસર કરી. અમદાવાદમાં પણ રા. સા. મહીપતરામે એજ પ્રયાસ કરવા માંડયો. સેંકડો ચોપડીઓ, ચોપાન્યાં નીકળવા માંડ્યાં, એ ઉપયોગ સફળ થયો. ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં લોકોના મનમાંથી વહેમ એટલે દરજ્જે દૂર થઈ ગયો કે શહેરોમાં વસ્તી ઘણીક ઘરડી ડોશીઓ, "ગંછા ભૂત ને શંકા ડાકણી"નો સિદ્ધાંત્ત માન્ય કરવા લાગી પણ નાના ગામોમાં વસનારા જનોના હૃદયમાંથી વહેમની અસર કીંચીત પણ દૂર ખશી નહીં એ કેટલું બધું અફશોષ કર્તા છે ?

પુરૂષોમાં તો વહેમને નિષેધ કરનારા જનસમુહના સદ્‌ભાગ્યે વખતો વખત વીરલા નરો દ્રષ્ટીએ પડે છે. પણ સ્ત્રીઓમાં તો તેમના કોમળ કાળજા ઉપર વહેમની એવી સજ્જડ અસર લાગી રહી છે કે તેનું યથાસ્થીત વર્ણન આ વખતે વિસ્તારથી લખું તો એક મોટો સહસ્ત્ર પાનાનો ગ્રંથ થાય તેમ છે પરંતુ સ્થળ સંકોચને લીધે સંક્ષેપ સાર, મતી અનુસાર, યોગ્ય અને સત્ય લાગ્યું તેટલું આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે.

સ્ત્રીઓ અને પુરૂષોમાં હાલમાં ચાલતા તમામ વહેમ કરતાં તદ્દન

જંગલી રીત ભરેલો ધૂણવાનો ભૂત સંબંધી વહેમ છે. જે દેખી આપણે સૃષ્ટીની પડતીનું મજબૂત કારણથી મહદ ચિંતા, સોકાગ્ની, ના ખુશી, ઉર્મી અને બળાપો થાય છે. તેથી તે ઉપર વિશેષ વિવેચન કરવું અને દુરસ્ત લાગ્યું છે. માણસના શરીરમાં ભૂત આવે છે ત્યારે તે શરીર ધ્રુજાવી, હલાવી વિધ વિધ ચાળા કરે છે તેનું નામ ધુણવું, એ જગત પ્રસીદ્ધીની અજાણ બહાર નથી.

ધૂણુવાના મુખ્ય ત્રણ પ્રકાર છે. **પહેલો પ્રકાર**—સૃષ્ટીમાં વિખ્યાતી પામેલા રોગ, રત્નાગર નામે વૈદક ગ્રંથમાં ૧૬૯ જાતના સનીપાત ગણાવ્યા છે. તે સનીપાતના ભિન્ન ભિન્ન લક્ષણો છે. કોઈ જાતના સનીપાતમાં મનુષ્ય આખો દીવસ ને રાત ગાયાજ કરેછે, કોઈ સનીપાત માં મનુષ્ય રોયાજ કરે છે ત્યારે કશીવાતનું ભાન મુદ્દલ રહેતુજ નથી, ખાવા પીવાનું સુઝતું નથી અને ચિત્તભ્રમ સરીખો બની જાય છે. કોઈ સનીપાતમાં મનુષ્ય ધુણ્યાજ કરેછે. આ સનીપાતના રોગમાં ફસાએલા મનુષ્યોને ભૂત, ડાકેણ ઈત્યાદી વળગ્યું છે એવું ભૂવા, જાદુગર અને ધૂર્ત લોકો જૂઠું જૂઠું આડુંઅવળુ સમજાવી વહેમી મનુષ્યો પાસેથી અપાર પૈસો છીનવી લેછે.

ધુણુવાનો બીજો પ્રકાર—એક જાતનો ચિત્તભ્રમ સરીખો વાયુ છે. તે વહેમી અથવા બીન વહેમીના મગજમાં એકાએક ઉત્પન્ન થાય છે ત્યારે તત્કાળ તે મનુષ્યનું શરીર શુદ્ધી નહીં હોવાથી ધ્રુજવાના ચિન્હમાં વીરક્ત બની આખરે ધૂણુવાના ઢોંગ મચાવે છે ત્યારે અગમનિગમની વાતો જુસ્સાબંધ બોલે છે. તે વખતે વહેમી સગાં વહાલાં ચિત્તમાં મુઝાઈ ભૂવા, જાદુગર અને ઢોંગી ધૂર્ત લોકોને ઘણો પૈસો આપી ખુવાર બની બેહાલ થાયછે.

ધુણુવાનો ત્રીજો પ્રકાર—ઘણા ભાગે અજ્ઞાન અને પાખંડી

સ્ત્રીઓમાંજ દ્રષ્ટીગોચર થાય છે આ ઢોંગ સ્ત્રીઓ હાથે કરીને કરેછે. સબબ એવા ઢોંગમાં પ્રવૃત થવાથી તેમને નિચે મુજબ ફાયદા થાયછે. પણ અહિત કર્તા કેટલો બધો વધારે છે તેનો લેશ માત્ર વિચાર નહીં કરતાં આવું અવિચાર્યું ધતીંગ મચાવી નિચે મુજબ ફાયદા મેળવવા પ્રીય લાગેછે.

અજ્ઞાન સ્ત્રીઓને ધૂણવાના ઢોંગથી થતા ફાયદા. ૧. ઘરમાં દેરાણી, જેઠાણી, નણંદ, સાસુ વિગેરેથી પીડા ઉપજતી હોય અને હંમેશ અણબનાવ ચાલતો હોય ત્યારે અંગમાં કોઈ આવી નડે છે એવું બહાનું કાઢી ધૂણવા મંડી પડેછે કે પછી સૌ તેનાથી ડરતાં રહેછે.

૨. કોઈ સ્ત્રીને સારૂ સારૂ ખાવાની મરજી થતી હોય, અને પાસે પૈસા ના હોય ત્યારે ધૂણવાનો ઢોંગ મચાવી મરજી ઉપરાંત મંગાવે છે તો સત્વર મંગાવ્યા કરતાં પણ વધારે લાવી તેની આગળ રજુ કરે છે. એટલે તે ઢોંગી સ્ત્રી ઇચ્છા મુજબ પદાર્થ ખાઈ પોતાનું મન તૃપ્ત કરેછે.

૩. કોઈ એવા ઇરાદાથી ધૂણે છે કે પોતાના ધણીથી કુસંપ હોય ત્યારે મરજી પૂર્વક કપડાં, ઘરેણાં પહેરવા ન મળતાં હોય, ત્યારે ઉપરનો ઢોંગ કરવાથી તે તુર્તજ આધીન થાયછે અને મરજી પ્રમાણે વર્ત્તી સર્વ વાંચ્છના તૃપ્ત કરેછે અને મનમાં દહેશત રાખેછે કે રખેને મારા શરીરમાં ભૂત આવે.

૪. સાસુ સસરાના ઘરથી અલગ રહેવા મરજી હોય પરંતુ બીજા તમામની મરજી તેમ કરવા બિલકુલ નાપસંદ હોય તો હંમેશ ધૂણવાનો ઢોંગ કરી ઘરનાં તમામ માણસને કનડે છે અને હંમેશ હેરાન કરેછે. જેથી છેવટે સૌ થાકી હારી તેની જૂદી રહેવાની વૃત્તી કબુલ રાખેછે.

૫. ઘરમાં સાસુ, નણંદ, સસરા વિગેરેના પુત્ર પરીવારનું બહોળું કુટુંબ હોય ને દિવસ રાત દળવા ખાંડવાની મહેનત કરવી પડતી હોય

ત્યારે ધૂણવાનો ઢોંગ મચાવી બેસે છે. પછી કોઈ વખત દિવસે પણ ઘરનું કામકાજ કોરાણે મૂકી સુઈ રહે તો ઘરના લોકો કહેછે કે છો સુઈ રહી, એનું શરીર ભારે થયું હશે, એમ કહી એની પાસે કોઈ કામ કરાવતું નથી.

૬. એવી ઢોંગી સ્ત્રીઓ ઘરમાંથી કંઈ છાનેમાને ખાયછે અને કદાચીત ચોરી પકડાય છે તોપણ એવો અર્થ નીકળે છે કે બિચારી બાયડી તો કાંઈ ખાય તેવી નથી, પણ શું કરે ! એના શરીરમાં સીકોતર છે તે ખાઇ જાયછે.

૭. કેટલીક સ્ત્રીઓને અન્ય ગામ, જાત્રાએ જવાની અપરંગ ઉત્કંઠા હોય ને તેનો વર ઘણો કરકસર વાળો હોવાથી તે તેમ જાત્રાએ જવા હા ન કહે તો તો સત્વર તે સ્ત્રી પોતાની મા, માશી, કાકી અથવા કોઈ મરણ થયેલ હોય તેનું નામ દઈ ધૂણી બોલે છે કે મારી છોડીને જાત્રાએ કોઇ લઈ જતું નથી માટે હાલને હાલ જાત્રાએ લઈ જાઓ. નહીં તો તારા ઘરમાં ખેદાન મેદાન કરીશ, આવી બીક બતાવેછે તે સત્વર તેનો ધણી બાપડો જંગલી વહેમી હોવાથી તેની ઈચ્છા મુજબ જાત્રાએ જવા તૈયાર થાયછે.

૮. કેટલીક સ્ત્રીઓને ઘરેણું ગાઠું અને સારાં સારાં કપડાં પહેરવાની અભીરૂચી થાય ત્યારે પણ એજ પ્રકાર પ્રમાણે ઢોંગ કરી પોતાની લાગણી તૃપ્ત કરી સંતોષ માનેછે.

આવી રીતે ઉપરનાં આઠ કારણ મુજબ ધુણવાનાં ઢોંગ કરવાનાં ભિન્ન ભિન્ન કારણ પાખંડી અજ્ઞાન સ્ત્રીઓમાં લાંબા કાળથી સમાએલાં છે. એમ દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરતાં સ્પષ્ટપણે સાબીત થાયછે. પણ ખરેખર ભૂત આવીને ધૂણેછે એતો એક ખાલી ભ્રમણા છે.

ભુત જુઠું છે એમ સાબીત કરવાને સ્પષ્ટ દાખલા.

ભૂત દિવસે દ્રષ્ટીએ કેમ ન પડે ? અને રાત્રીએ પડેછે તો તે અંધારીજ રાતે કેમ પડે ? ને અજવાળી રાતે ના પડે ? શું ભૂતને દિવસે ફરતાં હરતાં મનુષ્યની, જાનવરની કે ચોરની બીક લાગેછે અથવા જડજ માજીસ્ત્રેટ અથવા ન્યાયાધીશની દહેસત ઉપજે છે ?

ભૂત જો મનુષ્યથી અદ્રશ્ય છે અને જોઇએ તેવડું રૂપ તે ધારણ કરી શકેછે તો અજવાળામાં પણ આવવાને તેને શામાટે સંકોચાવું જોઇએ! જે સાત તાડ જેટલો ઉંચો થઇ શકવાની શક્તી ધરાવેછે તેને વળી, જરા જેટલા માણસના બળની કાળજી કે દરકાર શી ? ભૂત-પિશાચ વિશે લોકોની એવી કલ્પના છે કે જેની આશા પાછળ રહી ગઇ, કીંવા જે પોતાના દુશ્મનનું વેર જીવતાં લઇ શકયો નહીં તે ભૂત થઇ પોતાનો મનોરથ પુરો પાડેછે. હવે જો આ કલ્પના ખરી હોયતો ભૂતમાં જોઇએ તેટલું સામર્થ્ય, ધારેલી જગોએ જવાની છુટી, જોઇએ તે કરી નાંખવાની શક્તી, આટલી સામગ્રી પ્રાપ્ત થયા પછી તેને દુશ્મનના ઘરબારના ચુરેચુરા કરી નાંખી તેનું સત્યાનાશ વાળતાં શો વખત લાગે ? પણ તેમ કદી બનતુંજ નથી.

ભૂત સદા ઉજડ, નિર્જન જગ્યામાં રહી એકાંત પ્રદેશી અને અંધાર વધારે પસંદ કરી તેમનું રહેઠાણ તેવીજ જગોએ રાખેછે. ત્યારે રજપૂત વીર પ્રતાપને અને મરાઠા વીર સીવાજીને જેઓની ઘણીખરી જીંદગી ઉજડ નિર્જન પ્રદેશમાં, ભયાનક ડુંગરોમાં અને બિઆમણુ ઘમઘોર જંગલમાંજ ફરવામાં ગુજરીછે ત્યારે કેમ કોઇ દહાડો તેઓને ભૂતે બીવરાવેલા નહીં? તેઓને કેમ કદી ભૂતે અડચણ કરી નહીં ? કેમ કશું દુઃખ દીધું નહીં ? કેમ કશો ભૂતપિશાચનો વળગાડ થયો નહીં?

*

દેહ તજી ગયેલો મનુષ્યનો આશાગ્રસ્ત આત્મા જ્યારે ભૂત બને છે ત્યારે પશુપક્ષી આદીને માટે તેવો પ્રકાર પણ બનવો જોઇએ પરંતુ પશુપક્ષીના આત્માનો ભૂત બનેલો આપણે જાણ્યો નથી. મરણ પામેલો ઘોડો કે કુતરો કેમ ભૂત બનીને હણહણતો કે ભોંકતો આપણે સાંભળ્યો નથી? કેમ તેવા પ્રકારનાં ભૂતની વાતો કદી સંભળાવતા નથી.

સેંકડો સાહેબ લોકો શહેરથી ઘણાજ દૂરના બંગલામાં કે તંબુમાં હમેશાં રહેછે, પરંતુ તેઓને ભૂતનો વળગાડ થયેલો આપણે કદી પણ સાંભળ્યો નથી.

આધુનીક સમયમાં એકલગાર વાત ગમે તે ગામમાં બનેછે કે તુરંત ન્યુસપેપરમાં પ્રગટ થાયછે પરંતુ અદ્યાપી સુધીમાં કોઇએ એવો દાખલો ઉઠેલ્યો છે કે ફલાણા મનુષ્યે શાક્ષાત ભૂત દેખ્યું ? કદી નહીં. આવું અસંભવીત બનેજ કેમ!

સ્ત્રીઓના શરીરમાં જે ભૂત આવેછે તે સ્ત્રી ધુણનારની દ્રષ્ટીએ એક વખત પડેલી હોયછે, પણ અજાણી સ્ત્રી અથવા બસેં વરસનું મરી ગયેલું કેમ આવતું નથી.

શાસ્ત્રોમાં લખ્યું છે કે ભૂત દેવજાતિ છે તેનામાં માણસ કરતાં બળ તથા પરાક્રમ બહુ છે. ત્યારે આજના સમયમાં પાખંડી મનુષ્ય ભૂતનો ભ્રમ લઇ ધુણેછે તે સમયે બીજો હિમ્મતવાળો માણસ તે ભૂતને કહેછે કે તું મારા શરીરમાં પેશ, તો હું તને માનું અથવા એના શરીરમાંથી જુદો નીસરીને બોલ, તો માનું ત્યારે તે ભૂત એમ કરી શકતું નથી.

વળી તે ભૂતની ઘણા મશ્કરી કરી હાસ્ય કરેછે, અપમાન કરીને તુચ્છતાનાં વચનો કહેછે તે એવાં સખત કે કોઇ ગરીબ માણસને પણ એવાં વચન કહ્યાં હોય તો બીજું કાંઇ પોતાનું જોર નહીં તો તત્કા-

ગા પોતાની જીભ કરડીને મરે. આવાં ન સંખાય એવાં કઠણ સખ્ત વચન છતાં ભૂત કાંઇ કરી શકતુ નથી.

વળી ધુણનારની આગળ મરચાંનો ધુમાડો કરી ચાબખા લગાવી ખુબ રોવરાવે છે, નાનાં છોકરાં તેની મશ્કરીઓ કરેછે, આવાં ભૂતને સાચુ માનીએ તો શાસ્ત્રોમાં લખ્યુંછે કે ભૂતોમાં દેવના જેટલું પરાક્રમ છે તે અસંભવીત ગણી શકાય એ સિદ્ધછે.

વળી ધુણનાર ભૂત કહેછે કે હું ફલાણે ઠેકાણે રહુંછું ત્યાંથી આ માણસના અંગમાં આવ્યો છું. વળી શરીરમાંથી નીકળતાં કહેછે કે હવે હું મ્હારે સ્થળે જાઉંછું, ત્યારે કોઇ માણસ ભૂતને કહેછે કે "અમે બને જણા એકાંતમાં વાત કરીએ ત્યાં તું એના શરીરમાંથી નીસરીને અમારી વાત સાંભળીને પછી એના શરીરમાં પેશી અમારી વાત કહી દેખાડે તો અમે સાચુ માનીએ, તો તે પણ તેનાથી બની શકતું નથી.

— ❀ —

ભુત ભ્રમ ભંજન.

ભર્ત ભૂમીમાં માત્ર ભૂતની ભ્રાન્તી છે, વહેમ છે, ઢોંગ છે, રીતુર છે, માત્ર તે લુચ્ચા, સ્વાર્થી લોકોના કપટ ભરેલા કાવાદાવા છે, યા છેતરપીંડ છે, સઘળી કલ્પના અર્થરહિત નિર્માલ્ય વ્યર્થ છે, પ્રીય બંધવો એ સઘળુ હડહડતું જુઠાણુ છે. ઉપરની હકીકત સર્વ વિચારવંત મનુષ્યના ધ્યાનમાં આવવા જોગછે; અને તે ઉપર એકદમ નજર નાંખતાં ભૂત વિશે ચારે તરફથી સંભળાતી વાતો કેવળ ઠાઢાપોરનાં ગપ્પાંછે દીર્ઘ દ્રષ્ટીએ નીહાળતાં, જરા ઊંડા ઉતરતાં, વિચાર કૌશલ્યનો જરા ઉપયોગ કરતાં સ્પષ્ટ જણાઇ આવશે કે જે માણસ કહેતો હોય કે મેં મ્હારા મિત્ર, સગા સંબંધી, કે કોઇ મનુષ્યને ભૂત થયેલો દેખ્યો, તે

માણસને યત્કીંચિંત વિચાર કરતાં જણાઇ આવશે કે જે શરીર પોતે દહન કરેલું, કીંવા દહન થતું પોતે નિહાળેલું અથવા તો તેણે જાતે દાટેલું તેજ શરીર પુનઃ શી રીતે દ્રષ્ટીગોચર થાય? એ એક જુઠાપણાની દ્રઢ ખાત્રી છે. વહેમી બ્હેનો ! વહેમ રાખવાથી અગણીત ગેરફાયદા તમારાથી કેમ સહન થાયછે. તમારી જંગલી પ્રકૃતીથી તમારાં બાળક પણ વહેમી પ્રકૃતીનાંજ થાય એ નિશ્ચય છે. તમે જ્યારે ઢોંગ કરી ધુંણવાનો ઢોંગ મચાવોછો તે વખતે તમારા ઘરનાં માણસો ભૂવા, જાદુગર, બાવા, મંત્ર ભણનારા અને કામણ ટુમણના પ્રપંચમાં ફરનારાને તમારે ઘેર બોલાવી તમને ધૂણવા બેસાડે છે. તે વખતે તમો કુળવાન, આબરૂદાર અને સારા ઘરનાં હશો પણ નિર્લજ સ્થિતિમાં જંગલી હેવાનની પેઠે માથાના કેશ છૂટા મુકી ધૂણવા મંડી પડોછો અને દિવાનાં બનવા કરતાં વિશેષ ચાળા કરોછો. તે વખતે સેંકડો ટોળેટોળાં, પરાયા પુરૂષો તમારો હસવા જેવો દેખાવ નિર્ખવા આવે છે તે વખતે તમારી તથા તમારા ઘરની કેવી ફજેતી થાય છે ? એક તો ફજેતી થાય અને બીજું ભૂવા જાદુગર અપાર પૈસો છીનવી લઈ જાય, શું આવું નુકશાન નાહકપણાનું તમારા ઘરને લગાડતાં તમને કેમ વિચાર વેગળંધ આવતો નથી. માટે બ્હેનો હવે સમજ વૃતી અંગીકાર કરી ખાલી તોફાન દૂર કરો, અને સારી કોલેજમાં કેળવણી લઈ, નિતીના ગ્રંથો મનન કરી, ઘર-વ્યવહાર સારી રીતે ચલાવતાં આ બીના મગજમાં રાખો જેથી હજારો વરસથી તમારાપર ચડેલું વિપત્તીનું વાદળ વેગળંધ અળગુ થશે.

વહેમ નિષેધ ગરબી.

(સારૂ સારૂ રે સુરત શેહેર મુંબાઈ અલબેલી, એ રાગ).

સખીઓ કહું સાચી વાત, વહેમ નિષેધ કરો;
જૂઠી નવ છે પ્રખ્યાત, ઝટપટ પાઠે કરો. એ ટેક.
ભૂત, તૂત, તમામ તડાકા, ઓડ, ઝપટ સૌ જૂઠ રે;
મંત્ર તંત્રની વાતો જૂઠી, વ્યર્થ વહેમની મૂઠ. વહેમ નિષેધ કરો. ૧
કામણ, ટૂમણ, મંત્ર મેલડી, એ કલ્પીત સૌ કામ રે;
જેમ તેમ જડતું સમજાવીને, ગ્રહણ કરીલે દામ. વહેમ નિષેધ કરો. ૨
વ્યર્થ વહેમથી દેશ બધો આ, બની ગયો બે હાલ રે;
ભવિષ્ય વર્તન કેરૂ જગમાં, જબરૂ જાણો સાલ. વહેમ નિષેધ કરો. ૩
વહેમ થકી તો વિશ્વ બધુ આ, દીનપર દીન દુઃખ પામે રે;
ભટકી, સટકી, ભીખ માગતાં, ફરે ઘણા તે નામે. વહેમ નિષેધ કરો. ૪
જે વાંચીને સર્વે બ્હેનો, થશે વહેમથી મુક્ત રે;
ગંગાબાઈ હરઘડી કહે તે, નથી જરા અયુક્ત. વહેમ નિષેધ કરો. ૫

ટૂચકાં.

આ બાબતનો વહેમ પણ દરેક મનુષ્યની અજાણ બહાર નહીંજ હોય, કારણ સ્ત્રીઓની વર્ત્તણુક ઇશ્વરના ધારાની વિરૂદ્ધ હોવાના પરીબળથી તે સ્ત્રીઓ ઉપર જગનિયંતા પરમરક્ષક પ્રભુ ક્રોધાયમાન થઈ તેમના પવિત્ર ધારાની વ્યાજબી અદલ પદ્ધતીના નિયમને અનુસરી કોઈ સ્ત્રીને સંતતીનું દુઃખ, કોઇને નાણાં સંબંધી દુઃખ, કોઇને શરીર મંદગીનું દુઃખ ઇત્યાદી વિવિધ પ્રકારનું દુઃખરૂપી ઘટતું શાસન હરહંમેશ નિયમીતપણાથી આપેછે; ત્યારે સંતતીના દુઃખના પાસમાં સપડાએલી સ્ત્રીઓમાંની ઘણી અજ્ઞાન અને વહેમી સ્ત્રીઓ તે દુઃખ દૂર કરવા ભિન્ન ભિન્ન પ્રકારનાં નિચે મુજબ વળખાં મારેછે.

ઘણી અજ્ઞાન સ્ત્રીઓ અન્યજનોના પુત્ર પુત્રીઓના કેશમાંથી બેચાર લટો, છાનેમાને અથવા કંઈ ખાવાની ચીજ આપવાની લાલચ બતાવી કાપી લેછે. તે છોકરાં બિચારાં બાળક અણસમજવાળાં હોવાથી તેમને તેવી વાતનું મુદ્દલ ભાન હોતુંજ નથી.

ઘણી સ્ત્રીઓ બીજી સંતતીના પરમ સુખમાં દિન રાત મગ્ન રહેનારી સ્ત્રીઓનાં અમુલ્ય કપડાં સાડલા, કાપડાં વિગેરે લાગ શોધી છરી, ચપ્પાવડે ફાડેછે. ઘણી ભીલામાનો રસ સોય ઉપર કાઢી બીજા બાળકોના પેટ ઉપર ડામ દેછે. ઘણી સિંદુરનાં ત્રીશુળ અન્યજનોના ઘેર ઉમરા આગાડી કાઢેછે: આવી રીતે અજ્ઞાન જુતીના પાસમાં ગુંથાએલી સ્ત્રીઓ વિવિધ રીતે વર્ત્તી અન્ય બાળકોને નાહક દુઃખી કરે છે; જેથી પરમકૃપાળુ પ્રભુ ઉલટો વિશેષ કુડા કૃત્યના રીવાજથી ક્રોધાયમાન થઈ આપેલી સંપત્તીમાં વધારો કરી, અધમ હાલતે પડતી દશાના દવમાં લાવી મુકી તેમના અઘટીત કરેલા કૃત્યનો બદલો આપે છે. ઈશ્વરને ઘેર અન્યાય નથી. "સબબ વર્ત્તણુક પ્રમાણે શિક્ષા" આ જગતપ્રસીદ્ધ સિદ્ધાંત મનુષ્ય માત્રે મનન કરવા યોગ્ય છે. કારણ જગનિયંતા પ્રભુના યમદુતો હંમેશ તેજ સિદ્ધાંતનો સત્ય ટેકથી ઉપયોગ કરી કૃતાર્થ થાયછે. માટેજ એવી ભોળી ભ્રમીત ભામનીઓને મારાથી બે કડવા, કાળજાને કંપાવે એવા તિક્ષ્ણ બોલ ઉચાર્યાવિના મને તૃપ્તી થતી નથી. હવે આ બાબત પૂર્ણ કરતાની સાથે મારે યથાર્થ અનુભવસિદ્ધ ખરેખર કહેવું જોઇએ કે અરે ભ્રમીત ભોળી ભામનીઓ "આ સદ્બોધ ગ્રહણ કરી ઉપર જણાવ્યા મુજબ કઢંગા તોછડાઈપણું બતાવનારા અને કીર્તીને ખામી પહોચાડનારી રીત સત્વર તજી દઈ દીન રાત આપણું રક્ષણ કર્તા પ્રત્યે ખરા અંતઃકરણથી ચિત લગાડી સકળ વખત વિસર્જન કરવો. જેથી તમારૂં સુખશાંતીમાં ક્ષેપ થઈ

તમારી સ્થિતિ આબાદ થશે. અને ઇશ્વર પણ પ્રસંન થઈ પુત્ર પ્રાપ્તીની વાંચ્છના મોડી વ્હેલી ફળીભૂત કરશે.

મંત્ર.

મંત્ર બાબતની ક્રિયા પણ ઓગણીસમી સદીના વિશાળ સુધારા સમયે જોરાભેર પ્રવર્તી રહીછે. મંત્ર સાધવાના પ્રયોગ ઘણા ભાગે વહેમી અને પાખંડી મનુષ્યો હસ્ત નક્ષેત્ર, મુળ કે પુષ્ય એ નક્ષત્રે સૂર્ય હોય ત્યારે અજવાળીઆમાં પાંચમ, દશમ કે પૂનમે, અને અંધારાઆમાં આઠમ, ચૌદશ કે અમાંસ હોય તે તિથીમાં આદરે છે. તેમાં સારા કામને માટે અજવાળીઆમાં અને મારણ કે ઉચ્ચાટન સારૂ અંધારીઆમાં મંત્ર સાધના કરેછે. તે બાગમાં, દેવ મંદીરમાં, ઘરમાં અથવા એકાંત પવીત્ર સ્થળે સ્થીર મનથી બેશી મત્ર સાધેછે તે મંત્ર ॐ नमो घंटाकर्णो महावीरः એ આદીક ૩૩૦૦૦ મંત્ર બેતાળીશ દિવસમાં જપેછે, પછી હોમ કરેછે. પુરૂષ આકારે મંત્ર લખીને તે ચીઠી માદળીઆમાં રાખે તો તેનાથી ભૂત પ્રેત આદીક નાશી જાય. રાજાનો ભય ન ઉપજે, અને એ મંત્રથી સવારમાં એકવીસવાર પાણી મંત્રીને ત્રણવાર હાથમાં લઇને પીએ તો તુર્ત વિદ્યા આવડે. એ મંત્ર એકવીસવાર ભણીને થુંકનું ટીલુ કરે તો તેને દેખી રાજા વશ થાય, સાતવાર ભણીને ટીલુ કરવાથી પોતાની બાયડી વશ થાય, એકવીશવાર ભણે ને પાસે રાખવાના લુગડાને ગાંઠ દીધાથી રસ્તામાં, ચોર, અગ્ની, જાનવર અને ચારે આદીકના ભય ટળે. શત્રુ મરે. ૭ ખુણાનો યંત્ર સવા લાખવાર જપવાથી ધન મળે. અષ્ટદલ યંત્રનો મંત્ર ભોજપત્રમાં લખી માદળીઆમાં ઘાલીએ તો સંતાન થાય. પંચ-

કોણ યંત્ર ચીઠીમાં લખી, ગાય કે ભેંસને ગળે બાંધે તો દોવા દે. ઘણાક ગળે હાડકાંની માળા પહેરી, કપાળમાં રૂધીરનું તીલક કરી કાળીચૌદશની રાત્રે સમશાનમાં, વાવમાં કે બીજી એવી ભયભીત જગામાં બેશી ભિન્ન ભિન્ન પ્રકારે મંત્ર જપેછે. કોઈ હનુમાનના, માતાના, મહાદેવના જપેછે. ઘણા સર્પ વિંછી ઉતારવાના તથા ભૂતપ્રેત કાઢવાના મંત્ર જપેછે. તથા આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે ફલાણો મનુષ્ય મંત્ર જપવા બેઠો હતો, પણ તેની હીમત્ત કાચી હોવાથી તેનો જીવ ભમી ચિત્તભ્રમ બની ગયોછે. અથવા ફલાણા ફલાણા મનુષ્યને મંત્ર જપવાથી સાક્ષાત અંબાજી, કાળકાજી, હનુમાન અને કાળભૈરવ પ્રસંન્ન થયાંછે. આવી રીતે ભિન્ન ભિન્ન પ્રકારથી મંત્ર બાબતની ક્રીયાઓ સાંભળવામાં આવેછે. પણ તે બાબત દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરતાં, મંત્રથી દેવદેવી પ્રસંન્ન થયેલા એવા મનુષ્ય સામું શું તપાસ કરી જોતાં તેમની દશા અધમ, ચીંથરેહાલ, કમનસીબે બેહાલ અને ઘણાજ દુઃખી પણામાં દેખીશું ? ત્યારે કદાચ ઉપર પ્રમાણે પ્રસંન્ન હોય તો પછી એવી તદ્દન માઠી અધમ દશામાં તેઓ શા માટે રહે? અને તેથી સ્પષ્ટ સમજાય છે કે તેવા મંત્રવડે પ્રભુ પ્રસંન્ન છે, આમ કહેનારા સખશોને મૂળ ભાવાર્થ એવો હોયછે કે મારાથી સૌ ડરતા રહેશે. મારૂ જનંસમુહમાં માન, સન્માન અને પ્રતીષ્ટા વધશે. અને વખતે કોઈ ધુણુવાનો ઢોંગ મચાવશે તો મનમાનતા પૈસા પણ જુજ મહેનતે સંપાદન કરી શકાશે સૃષ્ટી ઉપરથી ઘણા ભાગે સત્યનું સત્યાનાશ ગયુંછે, અને તેથી ઉપર પ્રમાણે જપ કરવાથી ધાર્યું કાર્ય ફળીભુત થાય એમ કદી પણ બનવું અશક્ય છે. મંત્ર જપીને દેવની સાથે વાતો કરવી એવી આશા તો કદી પણ હાલના જમાનામાં રાખવીજ નહીં. અને જે મંત્ર જાણનારા જગતમાં ગણાય છે તે સ્વાર્થી, ઢોંગી અને પાખંડી હશે. ઉપ-

રના મંત્રમાંથી કેટલાક સાચા મંત્ર હશે પણ આ સમયમાં તે સિદ્ધ થતાજ નથી. તેથી મંત્રની ભ્રમણા રાખવી નહીં. ઘણા પાખંડી મનુષ્યો બજાર વચ્ચે જઈ હસ્ત ચાળવણીના અદ્ભૂત ખેલ કરી લોકોને આશ્ચર્ય પમાડે છે ત્યારે કહેછે કે આ બધું મંત્ર સાધનાથી બનેછે. ભોળા મનુષ્યો આ વાત તદ્દન સાચીજ માનેછે. પણ તિક્ષણ બુદ્ધીના તો તુર્તજ ખ્યાલ કરી બેસેછે કે આ બધા પ્રયોગ હસ્ત ચાળવણીના છે. કારણ ઇચ્છાશંકરકૃત જાદુકપટમાં ઘણા પ્રયોગના યથાર્થ ખુલાસા સ્પષ્ટતાથી દર્શાવેલા છે તેથી અમે પણ તે બાબતનું વિવેચન આ સ્થળે સ્થળ સંકોચતાને લીધે વધારે લખતા દુરસ્ત ધારતા નથી.

બાધા.

બાધા બાબતનો વહેમ પણ ભરતભુમીમાં ભારે વીસ્તારથી જોશભેર ચાલે છે. કદાચ છોકરૂં કીંવા, મ્હોટું આજારી બને તો તત્કાળ કોઈ પ્રસીદ્ધ માતા મહાદેવ અથવા બીજા કોઈ દેવની બાધા રાખે છે. ઘણા શ્રીફળ, કેશર, પૈસા, ઘી ચઢાવવા (દુઃખ મટી સુખ થવાથીં) બાધા રાખે છે. ઘણા બ્રહ્મભોજન કરાવવાની માનતા રાખે છે. ઘરમાં કોઈ માણસને કોલેરા, શીતળા, કીંવા કંઈ ભયભીત દર્દ થાય તો ઘણા જંગલી વહેમી પુરૂષો હાથે બલૈયાં ઘાલે છે. ઘણા પાઘડી, દર્દ દૂર થતા સુધી નહીં પહેરવાની બાધા રાખેછે. ઘણા ઘી, દૂધ, ગોળ, ખાવાની બાધા રાખે છે. ઘણી સ્ત્રીઓને છોકરાં થતાં નથી તો તે પણ દૂધ, ચોખા, દાળ ઈત્યાદી નહીં ખાવાની બાધા રાખે છે. અને કદાચ થાય છે તો અમુક મુદતે એને પરણાવવાં અથવા ફલાણી માતાએ તેને પગે લગાડીનેજ પરણાવવાં એવી બાધા રાખે છે. અથવા તેના કેશ અમુક મુદતેજ અમુક સ્થળે વપન કરાવવાની બાધા રાખે છે ત્યાં સુધી તે છોકરાના

વાળ ગુથે છે. ઘણા જંગલી માણસો એવી બાધા રાખે છે કે જ્યારે સંતતી થાય ત્યારેજ જોડા પહેરવા, ત્યારેજ વાહન ઉપર બેસવું, ઘણા દર પુનમે કંઈ યાત્રા સ્થળે જવાનો દ્રઢ ટેક રાખે છે. ઘણા ખાટલા ઉપર સુઈ રહેવાની બાધા રાખે છે. ઘણાક તો જાનવરને શિતળા, કોલેરા, કીંવા કંઈ બયલીત દર્દ થાય તો બાધા રાખવાને ચુકતા નથી. ઘણી સ્ત્રીઓ એવી બાધા રાખેછે કે મારી ભેંસ અથવા ગાયને આટલું ઘી થશે તો અમુક તીર્થ સ્થળે અમુક પ્રમાણમાં ઘી ચડાવીશ. ઘણા મનુષ્યો વેપાર સંબંધી કાર્ય આરંભતી વખતે બાધા રાખે છે કે આ કાર્યમાં મને આટલો નફો પ્રાપ્ત થશે તો અમુક રકમ હું બ્રહ્મભોજનમાં વાપરીશ અથવા કંઈ તીર્થ સ્થળે મોકલીશ. ઘણા કેળવણી લેતા છોકરાઓ એવી બાધા રાખેછે કે હું આ પરીક્ષામાં ફતેહમંદ થઇશ તો ફલાણી માતાએ શ્રીફળ ચઢાવીશ. કંઈ ચીજ અથવા જાનવર ખોવાય છે તો તુર્ત એવી બાધા રાખેછે કે અમુક મુદતમાં જડશે તો અમુક રકમ ફલાણે સ્થળે ચડાવીશ. ઘણું કરી જૈનલોકો પોતાના તીર્થંકરને કેસર, ઘી, પૈસા ચઢાવવાની બાધા રાખેછે. આવી રીતે ભિન્ન ભિન્ન પ્રકારે જનસમુહનો ઘણોજ જથ્થો બાધાઓનો નીયમ નિશ્ચય અને દ્રઢ ટેકથી અંગીકાર કરેલો દેખી અમારા અંતઃકરણમાં શોકાગ્નીરૂપી ઉર્મી મહા દુઃખદ વિચાર અનંત આવેશથી વેગ અને જુસ્સાબંધ પેદા થાયછે. તે શાંત કરવા હમે હવે બાધા બાબતનું ખરેખરૂં નિદાન પ્રગટ કરવું દુરસ્ત ધારીએ છીએ.

મનુષ્ય યા પ્રાણીને જે જે સુખ અથવા અડચણો વેઠવાની જગનિયંતા પ્રભુએ નિર્માણ કરી હશે, તે કોઇ કાળે પણ ગમે તેટલા ઉપાય કરવા છતાં લેશમાત્ર ફરવાની નથી. ગમે તેવી આકરી બાધાઓ રાખો, ગમે તેવી માનતાઓ માનો, ગમે તેટલા બ્રાહ્મણ જમાડો, ગમે

તેટલાં વળખાં મારે, પણ એ સઘળો શ્રમ પાણીના પ્રવાહની પેઠે વ્યર્થ, નિષ્ફળ જાયછે. કારણ દેવદેવી અથવા માતા મહાદેવ કાંઈ લાં-ચીઆ નથી કે તે આપણી આપવા ધારેલી લાંચથી મગ્ન થઈ આપણી હરકત દૂર કરે ! જગનિયંતાને કયાં કશી વાતની અપૂર્ણતા છે કે તે લાલચમાં લોભાઈ આપણા ઉપર મીઠી સમ કૃપા દ્રષ્ટીએ સદા જુએ. કદી નહીં, ઉલટું એવી વૃતી બાધા બાબતની રાખવાથી નકામા નાણા ખુવાર કરવા જેવું અને સમજુ સુજ્ઞ લોકોમાં હાસ્ય અને હાંસી થાયછે. દેવોની માનતા માને કદાચ પુત્ર થતા હોય તો હજારો બલકે તેથી પણ અ-સંખ્ય રિદ્ધીસિદ્ધીના ધણી, જેમને ઘેર અનંગળ દોલત, જેમની સ-ત્તા આખી સૃષ્ટી ઉપર, એવા હજારો અપુત્ર વાંઝીઆ મરણ શરણ થયેલા આપણે જાણીએ છીએ; ત્યારે જો બાધા રાખે પુત્ર થતા હોય તો તેવા બળવાન રાજાઓ પણ દેવ દેવીને લાંચ આપી કેમ પુત્ર પ્રાપ્ત ન કરે ? શું તેમને દ્રવ્ય કે કશી વાતની ન્યુનતા હતી ? એક તાજોજ દાખલો. મલ્હાવરાવ, જેના જોર વડે કરી ઘણાખરા દેશ કંપતા; જેનું નામ સાંભળીને પણ સેંકડો જન થરથરતા, એવા પ્રસીદ્ધ બ-ળવાન બહાદુર નરે શું બાધાઓ રાખવામાં કચાશ રાખી હશે ? પણ તેથી શું વળે !" ઈશ્વરના ધારા આગળ મનુષ્યનું ડહાપણ એક કીં-ચીત પણ ચાલી શકાતું નથી " ઇશ્વરને પુત્ર આપવા અભીરૂચી હોય તોજ મળે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ વહેમી વળખાં કરી ઇશ્વરને અણગમો ઉપજાવવો એ નાહક વ્યર્થ છે.

દોરા.

દોરા બાંધવા બાબતનો વહેમ પણ એક ખરેખાત હસવા સરીખો છે, મનુષ્ય કંઈ યોગ્ય કારણસર આજારી બને તો તુરતજ તેનાં વહેમી સગાં વહાલાં તેના દર્દ સંબંધી વિચાર કરી ઘટીત ઔષધ, કોઈ કાબેલ અને અનુભવી ડાકટર પાસેથી સત્વર લાવી અજમાવવવાની વાત એક બાજુએ મુકી ભુવા, જતી, જોગી અને બીજા ધૂર્ત બાજીગર પાસે જઈ કરગરી કંઈ પૈસા ભેટ આપે છે. ત્યારે તે ધુર્ત મનુષ્ય સૂતર, ઉન અથવા નાડાછડીનો દોરડો વણી સાત ગાંઠો વાળી આપે છે. અને કહે છે કે આ આજારી મનુષ્ય રાત્રે બજારમાંથી આવતો હતો તે વખતે ભૂતના કુંડાળાની ચોકીમાં અજાણતાં તેનો પગ પડવાથી તેને કોઈ આવી વળગ્યું છે. માટે આ દોરડાને લોબાનનો ધુપ દઈ તેના જમણા હાથે બાંધજો. જેથી સત્વર આજારી તદ્દન સાજો થઈ જશે. આવી રીતે ધુર્ત મનુષ્યનું બોલવું પેલો વ્હેમી મનુષ્ય યથાર્થ સત્ય ગણી તે દોરડા ઉપર શ્રધા રાખી, ખૂશ થતો થતો ઘેર આવી, કહેવા મુજબ બાંધે છે. ઘણા મનુષ્યોને કાંઇ દરદ ન થયું હોય તો પણ ભવિષ્ય ઉપર કંઈ થશે નહીં આમ વિચાર લાવી તેને માટે દર્દ થતા પહેલાં ઉપર જણાવ્યા પ્રમાણે મંત્રેલા દોરડા હાથે, ગળે અથવા પગે બાંધી રાખે છે. ઘણા માદળીઆમાં ઘાલી તે માદળીઉ હાથે અથવા કદોરા સાથે બાંધે છે. નિરોગી પશુઓને માટે પણ આજારી ન થવા માટે અગાઉથીજ પગે અથવા ગળે કે કોટે દોરડા બાંધી રાખે છે. આ દોરા બાંધવાની ક્રીઆ એકલી વહેમીજ સ્ત્રીઓ કરેછે એટલુજ નહીં પણ ઈંગ્રેજી કોલેજોમાં કેળવણી લીધેલી એવા પુરૂષોમાં પણ હું આ વહેમ પ્રસંગોપાત નિર્ખુછુ. ઘણા મનુષ્યો દોરા બંધાવી માંદા મનુષ્યના ખાટલાએ બાંધે છે. આવી રીતે ભિન્ન

ભિન્ન પ્રકારે આ નિયમ ઘણા મનુષ્યોમાં દ્રષ્ટીગોચર થાયછે. તેથી હું યથાર્થ અવલોકન કરી સત્ય રીતે કહુંછું કે—એમ દોરા બાંધવાથી શરીર સંરક્ષણ મુદ્દલ થતુંજ નથી. પરંતુ દર્દ વખતે યોગ્ય ઉપચારને બદલે દોરાના ખ્યાલમાં મન રોકવાથી દુ:ખમાં દીનપ્રતીદીન વધારો થઈ મંદવાડ ભયંકર થઈ પાછળથી પશ્ચાતાપ કરાવેછે. દોરા બાબતના વહેમ ઉપર સુચવેલા જોગી, જતી ભૂવા, જાદુગર અને ધૂર્તજનોએ પૈસા બીન પ્રયત્ને પ્રાપ્ત કરવાનો આ એક સુલ્લભ રસ્તો સોધીકાઢે લોછે, હું ખચીત નિસંક: પણે કહુંછું કે જો કદાચ એમ દોરા બાંધ-વાથી તબીઅત સુધરતી હોય તો આધુનીક સમયમાં લાખો અને હજારો રૂપીઆ હોસ્પીટલોમાં ડાકટરો અને દવાઓમાં ખર્ચેછે તેઓ નાહક શું કામ એટલાં બધાં નાણાં ખરચી નાંખત ! એકાદ મકાન બંધાવી એવા દોરા કરનાર સખસને દસ બારનો દરમાઓ આપી રાખત જેથી દવાના પૈસા કેટલા બધા બચે ? પણ એથી વળેજશું ધૂર્ત જનો હાંસ્પીટલમાં બેસી શી ધાડ મારત ! ખરેખાત અલ્પ આજારીને મરણ પથારીએ બિન વિલંબે પહોડવાનો વખત એમ કરવાથી તત્કાળ બનેજ આ એક ખાલી ઠગાઈ છે. છતાં આધુનીક સમયમાં વિસાળ સુધારાના વૃક્ષ તણી શીતળ છાયા વડે ઘણા જનોની વૃતી કૂશળ બની છે તેવે સમયે બ્હેનો એ વહેમ અળગો કરવાનું તમારાથી બની શકે નહીં એ ખસુસ ખેદકારક છે. વ્હાલી બ્હેનો ઉપરનો વહેમ ધૂર્ત જનોની ઠગાઇનો જાણી તેને હોંશથી અળગો કરી દર્દ વખતે અનુભવી અનુકુળ પ્રમાણે ડાકટરની દવા લેવા તત્પર થવું જેથી બીન હરકતે દરદ નાબુદ થવા સંભવ છે.

નજર.

નજર લાગવા વિશેનો વહેમ પણ વિસેષ કરી સ્ત્રી વર્ગમાં અને અજ્ઞાન પુરૂષોમાં પ્રસીદ્ધ પણે પ્રદર્શીત થાયછે. બાળકને સરસ કપડાં, આભુષણ ઇત્યાદી વિવિધ બાબતોથી સણગારી સરસ દીપાવડું કરી બહાર કંઈ જમવા ફરવા અથવા વરઘોડામાં લેઈ ગયા હોય અને પછી તે દીવસે કંઈ ભોજન વ્યવહારમાં ફેરફાર થયો હોય જેમ કે વાયડા પદાર્થ અથવા ન પચતા પદાર્થ માફકસર નખાધા હોય અથવા અસ્વચ્છ પાણી પીધું હોય અથવા ઝેરી હવાનો સ્પર્શ થયો હોય અથવા એવા બીજા ભિન્ન ભિન્ન કારણોથી શરીરની તબીયતમાં અ સુધારણા થાય તો તે બાળકના વહેમી મા બાપ તુર્ત એમ ધારે કે, આતો ખચીત ભાઇને કોઈ સ્ત્રીની સજ્જડ આકરી નજર લાગી છે. તેથીજ આમ થયુંછે; અથવા જમતી વખતે ઉતાવળથી બે ત્રણ મ્હોટા મ્હોટા કોળીઆ મોમો ઘાલ્યા હતા તે વખતે ફલાણી સ્ત્રી એકી દ્રષ્ટીએ ભાઇના સામું જોઈ રહી હતી તેથી તે રાંડની નજર લાગીછે. અથવા ભાઇના માથાના કેસ હમણાતો લાંબા શુશોભિત બન્યાછે. ને વળી ઓચ્છામાં પુર સુગંધીદાર તેલ ફુલેલ ઘસી ઘસીને ઘાલ્યું એટલે ન લાગતી હોય તો પણ નજર લાગે એમ માને છે. ઘણી સ્ત્રીઓ અથવા પુરૂષો ભોજન આરોગવા બેઠા હોય તેવામાં કોઈ ભિક્ષારી માણસ ભિક્ષા અર્થે આવેછે, ત્યારે તે ભિખારીની નજર ખવાના પદાર્થ ઉપર આવે તો તેની નજર લાગશે એમ ભવિષ્ય વિચારી, તેની દ્રષ્ટીથી આડી જગોએ બેશી ભોજન આરોગી હૃદય તૃપ્ત કરેછે. કદાચ તે પ્રસંગમાં શરીરમાં મંદગી પેદા થાય તો તુર્તજ એમ દ્રઢ કરી બેસે છે કે નક્કી કોઇની નજર લાગીછે. વડીઓ પાપડ કરતી વખતે કોઈ

પાડોસની સ્ત્રી કંઇ કામ પ્રસંગે ઘરમાં આવે અને ત્યાર બાદ તે વડીઓ પાપડ ઇશ્વર ઇચ્છાએ બગડે તો વહેમી મનુષ્ય તુર્તજ એમ વહેમ લાવે છે કે ફલાણી સ્ત્રી ઘરમાં આવી હતી તેની દ્રષ્ટી પડવાથી આમ થયુંછે આમ નક્કી માનેછે. છોકરાંને સરસ આભુશણ પહેરાવીને સણગારે છે ત્યારે અંગનો દેખાવ ખુબસુરત બનેછે. તે વખતે મનમોહક દેખાવથી અન્યજનોની કરડી દ્રષ્ટી લાગશે આવા પ્રબળ વિચારથી નાવહેમથી આંખોમાં અને ગાલે મેસનાં ટીલાં ટપકાં કરેછે. વળી છોકરાને નજર લાગે નહીં એટલા સારૂ તાંબાના પત્રામાં વીશો યંત્ર કાઢીને બાળકના ગળામાં રાખેછે અથવા વજર ગોટા રાખેછે અથવા ખડગપાત્રની વીંટી વાઘનો નખ અથવા દાંત મઢાવીને બાળકના ગળામાં રાખેછે. ઘણી વહેમી સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓની સાથે વાત્ત પ્રસંગે દૂધ અથવા ઘી પોતાના જાનવરને થતું હોય તેથી અડધા કરતાં ઓછું કહી એવા ઇરાદાથી જાડુ બોલેછે કે રખેને સત્ય રીતે કહેવાથી તે સ્ત્રીની નજર લાગે ! આવી રીતે ભિન્ન ભિન્ન પ્રકારે નજર લાગવાના વહેમ ચાલેછે. તે સકળ વહેમ મટાડવા વહેમી સ્ત્રીઓ એવા ઉપાય કરેછે કે કાંસાની થાળીમાં ધુમાડા વિનાનો દેવતા લઇને, પછી રાઇનો, દાણાને મીઠાની કણીઓ, બાળકના માથા. ઉપર ફેરવીને તે દેવતામાં નાંખીને તે ઉપર કાંસાનો વાડકો ઊંધો પાડીને તેના ઉપર છાણ માટી નાંખેછે ત્યારે વાડકો એવો સજ્જડ ચોંટી જાયછે કે ઉખાડયો ઉખડે નહીં. અને કોઈ વાર વાડકો જોર કરી ઉછાળા મારેછે ત્યારે તે સ્ત્રી એમ ધારેછે કે ઘણીજ આકરી નજર લાગીછે. પણ એ મૂર્ખ સ્ત્રી એમ નથી સમજતી કે આમ પ્રયોગ કરવાથી વાડકો સજ્જડ ચોંટે એમાં શું આશ્ચર્ય ! ઘણી ભ્રમીત વહેમી ભોળી ભામનીઓ પશુ આજારી થયાં હોય તો પણ ઉપરના જંગલી પ્રયોગ અજમાવવા તત્પર થાયછે. એ ખસુસ ખેદ કારક છે.

કારણ નજર એ બાબત શરીરના સુખ દુઃખને કીંચીત પણ સંબંધ ધરાવનારી નથી તો પછી તે ઉપરથી અંગની સ્થિતિમાં ફેરફાર થાય એ કદી પણ સાચુ માની શકાયજ નહીં. પણ આ એક વંશપરંપરાના એટલે જૂના જમાનાના વખતથી આર્ય જનોમાં ચાલતો આવેલો પાયા વગરનો વહેમ છે. એમ તિક્ષણ બુદ્ધી અને દીર્ઘ દ્રષ્ટીથી કલ્પના કરતાં સહેજ સ્પષ્ટ રીતે સાબીત થયા વગર રહેશે નહીં. માટે બ્હેનો આ નજર બાબતની પણ નકામી કડાકુટ જાણી તેની વારે નહીં ધાતાં બીજી બ્હેનોને પણ તેમ વર્ત્તવાનું કહી તેમની વહેમી ભ્રાંતી સત્વર દૂર કરવા પ્રયાસ કરો જેથી પરમ રક્ષક પ્રભુ તમારા ઉપર અમી દ્રષ્ટ દાખવી ખચીત તમારી સ્થિતિ આબાદ કરશે.

કામણ.

કામણ બાબતનો વહેમ ફક્ત એકલી અજ્ઞાન વૃત્તીના પાસમાં ગુંથાએલી સ્ત્રીઓમાંજ હોય છે. તેઓ અપૂર્ણ બુદ્ધીના પ્રબળ વડે પોતાના પતીને વશ કરવા અથાગ વળખાં, પ્રયત્ન કરતી ફરેછે. જેથી તેવે વખતે ધૂર્ત ઠગો પોતાનું કામ સાધી લેવા એટલે મનમાનતો પૈસો પડાવી લેવા ચુકતા નથી. તેઓ સ્ત્રીઓને જૂઠા ગપાટા મારી એવી રીતે સમજાવેછે કે મારી પાસે એક એવી જડીબુટ્ટી છે કે તે ઘસીને દાળ શાકમાં નાંખી પોતાના પતીને ખવરાવે તો તુર્ત ત્રણ કલાકમાં તે પુરૂષ સ્ત્રીની આંખે ભાળેછે, સ્ત્રી જેમ કહે તેમ કરેછે, સ્ત્રી જેમ દોરેછે તેમ દોરવાય છે. સ્ત્રી જે માગેછે તે તુર્તજ લાવી તેની આગળ રજુ કરેછે. વિશેષ કરી ટૂંકામાં સ્ત્રીની એક પણ આજ્ઞા તેનો પતી ઉલંઘન કરતો નથી. "આવો ચમત્કારી ગુણ મારી પાસેની જડીબુટ્ટી-માં છે. તેની કીંમત પાંચ રૂપીઆ લેવાય છે. અજ્ઞાન સ્ત્રી આ ધૂર્ત

મનુષ્યના મૂખની મીઠી મનપસંદ વાણી સાંભળી તુર્તજ તેનું મન તે બુટ્ટી લેવા આકર્ષાય છે, અને તેના મનમાં અધીરાઈ ઉત્પંન થાયછે કે ક્યારે એ બુટ્ટીની અજમાયશ કરી ધારેલી મુરાદ બર લાવી સદા સુખ મેળવું. બળ્યા દસ રૂપીઆ જશે તો. તેમ કરતાં પતી આપણા સ્વાધીન થશે એટલે આપણે દસને બદલે પચાસ રૂપીઆ માગીશું તો તે કાંઈ ના પાડવાના છે? ગમે તેમ થાય પણ આજને આજ તેનો ઉપયોગ કરૂં. આમ નિશ્ચય કરી ઘેર જાય છે. ત્યાંથી ઉછીના પાછીના અથવા પાસેથી કાઢી દસ રૂપીઆ લઈ તે ધૂર્ત પાસે જાયછે. પેલો મફતના પૈશા મેળવવામાં કૂશળ ધૂતારો દસ રૂપીઆ લઈ ગજવામાં મુકેછે, અને કંઈ સાધારણ અજાણી વનસ્પતી તે સ્ત્રી ન ઓળખે એવી આપી કૃતાર્થ થાયછે. સ્ત્રી ઘેર જઈ અજમાશ કરી જુએછે. પણ તેમ કરવાથી શું વળે? આખરે થાકી હારી જંપેછે. પેલા ધૂતારાને કંઈ ધમકી અથવા ઠપકો તો અપાયજ શાનો? કારણ તેમ ચોળાચોળ કરતાં છાની વાત ખુલ્લી પડી જાય તો ફાંસ કાઢતાં સાલ વાગ્યા જેવો બનાવ બને. મનમાં નિરાશ, ખેદયુક્ત થઈ કોઈ બીજા ધૂર્ત પાસે જાયછે. તે ધૂર્ત કહેછે કે મારી પાસે ઘુવડની જીભ છે, જે મહા મહા મુશીબતે મેળવેલી છે. તે હું તને આપું તે લઇજા, ને તે ઘસીને તું રાંધેલા અનાજ ભેગી ખવારજે, જેથી તારો પતી તારા આધીન સત્વર થશે. એકવાર એવા હરામી ધૂતારા સાથે ઠગાયા છતાં આ બીજા ધૂર્તની વાત પણ તદન સાચી માની માગ્યા મુજબ કીંમત આપી મગ્ન થતી મલકાતી મલકાતી ઘેર જઈ અજમાએશ કરતાં વખતે તે ઝેરી પદાર્થ હોવાથી તેના પતીનું મરણ વગર લેવાદેવાએ નાહક આવા કામણના પ્રપંચમાં ફરનારી દુષ્ટ કુભારજાના હાથે પ્રસંગોપાત બનેછે, ત્યારે તે સ્ત્રીને પાછળથી આખા જન્મારા સુધી પશ્ચાતાપ થાયછે. ધિક્કાર છે

આવી કૃતઘ્ની પાપીણી સ્ત્રીઓને કે જેમણે આ ભર્તભૂમીમાં અવતાર લઈ આવા અઘટીત કૃત્યના દાવ ખેલ્યા હોય, આવી દુષ્ટ સ્ત્રીઓની ઉપર જણાવ્યા મુજબની સાહસીક વૃત્તી વડે અપરંમ નિરપરાધી પુરૂષોનાં મરણ જોતજોતામાં બની જાયછે. માટે એવી અજ્ઞાન સ્ત્રીઓને શીખામણ આપવાની કે પતી કાંઈ એમ કામણ કરવાથી આધીન થતો નથી પણ વખતે તેનો નાશ થાયછે. તથાપી વશ કરવાના બીજા સુલભ રસ્તા એવા છે કે હંમેશાં પતીની સકળ આજ્ઞાઓ પૂર્ણ હેતથી અંગીકાર કરી સંપૂર્ણ સંતોષથી બજાવવી. તેમની મરજી વિરૂદ્ધ એક વખત પણ ચાલવું નહીં. તેમના ઉપર હેતભાવ અને સમદ્રષ્ટી દાખવી ખુશમીજાજ પ્રકૃતી દર વખતે રાખી તેમના સુખે સુખી અને દુઃખે દુઃખી માનવું. તેમની મરજી વિરૂદ્ધ ઘરેણાં કપડાં સંબંધી ખોટી કનડગત નહીં કરશો તો "મનોમન સાક્ષી" આ પ્રસીદ્ધ સિદ્ધાંતના મહાત્મય મુજબ તમારો જેવો ભાવ પતી ઉપર હશે તેથી દસ ઘણો ભાવ તેમનો તમારા ઉપર થશે. તે ભાવ સાધારણ નહીં પણ કામણ કરતાં શહસ્ત્ર ઘણો થશે. તમને કશી વાતની ન્યુનતા વેઠવી પડશે નહીં. પતી વશ કરવા બાબતનો એક મનહર છંદ એક પ્રખ્યાત કવીનો રચેલો મારા ઉકેલવામાં આવ્યો હતો તે વ્યાજબી ધારી અત્રે દાખલ કર્યો છે.

મનહર છંદ.

" સ્વામી વશ થતો નથી સોળ શણગાર સજે,
સ્વામી વશ થતો નથી અંગ તણા રંગથી;
સ્વામી વશ થતો નથી પીયરના પૈશા થકી,
સ્વામી વશ થતો નથી સદા અંગ સંગથી.
સ્વામી વશ થતો નથી પુત્રનો પ્રસવ થયે;
સ્વામી વશ થતો નથી ધૂર્ત જેવા ઢંગથી,

કામનીને વશ કંથ થાય, દલપત્ત કહે,
પ્રેમ ઉર આણી પાળ્યે આજ્ઞા ઉમંગથી."

ઉતાર.

આધુનીક સમયમાં ઉતાર બાબતનો વહેમ તો એક ખરેખાત સાધારણ અને બહુજ ધ્યાન પુગાડવા લાયક થઈ પડયો છે. નાનું મ્હોટું માણસ અથવા ગાય ભેંશ ઇત્યાદી જાનવર માંદુ પડે તો તુર્ત વહેમી મનુષ્ય સંધ્યાકાળ સમયે તેમાં ઘણું કરી રવીવાર, મંગળવારની સાંજે એક માટીના વાસણમાં કંસાર, રોટલી, વડાં, ખીર એટલી જણુશો મુકી તથા ઘઊંના લોટના કોડીઆમાં ચાર દીવા સહીત મુંકી આસપાસ પાણીનું કુંડાળુ કાઢેછે, ત્યારે બોલેછે કે સેજે ભોગ ને ટાળજે રોગ" માર્ગમાં કોઈ વાત કરવા બોલાવે તો તેમ કરવાને પણ બાદ ગણેછે. આ પ્રમાણે ઉતાર મુકવાની પદ્ધતી હાલના વહેમી મનુષ્યોમાં હંમેશ પ્રદર્શીત થાયછે ઉતાર મુકી આવ્યા પછી તે વહેમી સ્ત્રીના મનમાં ખાત્રી થાયછે કે માંદા માણસનું હવે સંપૂર્ણ દુઃખ અળગુ થઈ શરીર સુખી હાલતમાં થશે આવા ઘેલા વિચાર કરી મનમાં મગ્ન થાયછે. મગ્ન એવા સબળ કારણથી તે થાયછે કે, આજ મૂકેલા ઉતારના કુંડાળામાં જતા આવતામાંથી જેનો પગ પડશે તેના શરીરમાં માંદા મનુષ્યનો બધો રોગ પ્રવેશ થશે. કોઈ વહેમી સ્ત્રી અથવા પુરૂષથી ભુલમાં તે કુડાળામાં પગ દેવાઈ જાયછે તો દીન રાત વહેમ રૂપી ફીકરમાં સત્વર આજારી બનતાં વિલંબ થતો નથી. ત્યારે તે પણ ઉપર મુજબ પ્રયોગ કરી વહેમથી મુક્ત થાયછે.

આ એક ખરેખરો હસવા સરીખો વહેમ છે. ઉતાર એવા ઇરાદાથી મુકેછે કે આ સઘળા પદાર્થ ભૂત ખાઈ જશે પણ તેમ થતા

પહેલાં વહેમ વગરના મનુષ્ય તે ઉઠાવી લેવાને કીંચીત પણ વિલંબ કરતાજ નથી. ઉતારથી ગમે તેવું અલ્પ દુઃખ પણ કમી થતું નથી પરંતુ આ એક દેખા દેખી જુના જમાનાની ખોટી વૃતી છે. માટે તે દૂર કરી દુઃખ સમયે ચાંપતા ઇલાજો અનુકુળ પ્રમાણે હોંશીઆર વૈદ અથવા ડાકટર પાસે કરાવવા. પણ જીવન પર્યંત ઉતાર બાબતનો કુલટો રીવાજ અંગીકાર નહીં કરતાં જે એવા વહેમી છે તેમને પણ તેવા વહેમના બંધનથી મુક્ત કરવા હમેશ દાખલા દલીલથી સમજાવવાનો પ્રયાસ જારી રાખવો એથી પ્રભુ તમારા ઉપર પ્રસંન્ન થઈ સ્થિાત આબાદ કરશે.

શ્રાદ્ધ.

આધુનીક સમયમાં એક બીજો એવો જંગલી વહેમ છે કે મનુષ્યના મરણ પછી શ્રાધ કરવાનો કુલટો રીવાજ ઘણા જમાનાથી અજ્ઞાન પણામાં ચાલતો આવેછે. તે એક પણ મનુષ્યથી અજાણ્યો નથી. શ્રાધ વહેમી જનો એવા ઇરાદાથી કરેછે કે " આમ શ્રાધ કરવાથી મરનાર મનુષ્યના જીવને તૃપ્તી થાયછે. ને જ્યાં સુધી શ્રાધ સરાવાતુ નથી ત્યાં સુધી સદગતી થતી નથી" આવો વિચાર ઓગણીસમી સદીના વિશાળ સુધારા સમયે કેટલો બધો હસવા સરીખો છે. શ્રાધ નહીં કરવાથી મરનારની ગતી સારી થતી નથી. એવો અધાપી સુધી કોઇ પણ મરનાર મનુષ્યનો તેના દીકરા ઉપર કાગળ આવ્યોજ નથી. પણ ફક્ત કથા કહેનારા ભટો તથા શ્રાધ વડે ગુજરાન ચલાવનારા માણસો કલ્પીત તડાકાથી ભોળા માણસોને હમેશ પ્રપંચ વાકચાતુર્યતા અને કાવાદાવાના પેચથી ભોળવી નાંખેછે તે વખતે વહેમી સ્ત્રીઓ અને પુરૂષો એવા ધૂર્ત હરામી લોકોનું કહેવું યથાર્થ સત્ય માનેછે. પણ તે અજ્ઞાનો

હૈયુ ફોડીને વિચારતા નથી કે આવી વાતો સાચી હશે કે જૂઠી?

ફકત ભવિષ્ય વદનારા અને શ્રાધની છમછરી જમનારાઓએ પોતાના સ્વાર્થ અંગે વિધ વિધ ગપાટાના સપાટામાં ઘણા જનોને હોમી દીધા છે ને વહેમનો વિચાર તેમના હૃદયમાં એવો તો સજ્જડ બેસાડી દીધો છે કે હાલતે ચાલતે જોગી, જતીને એવા નિરૂદ્યમીને આપવું. ઘર ખાલી થઈ જાય તો લેનારાને શું? મરશે તો આપનારો મરશે. પણ લેનારો તો તરશે. ગમે તેમ કરીને પૈસા પડાવવા એજ તેમના વિચારનો સાર લાવી મુકેછે. માબાપ હજુ દુ:ખમાં પડયાંછે. હજુ તેઓને સ્વર્ગ મળ્યું નથી. ગૌદાન, અપમાદાન અપાય એટલેજ જીવને શાંત્તી થાયછે. વર મરો કન્યા મરો પણ ગમે તેમ કરી સ્વાર્થીઓનું ઘર ભરો. આ કહેણી શીવાય બીજું કાંઈ તેમના કહેવામાં તાત્પર્ય નહીંજ હોય! આંખ કે હૈયુ બંધ કરી માંદા કાને સાંભળો તે વખતે ખોટું હશે પણ સાચુજ થશે. હળધર ધોળી, કાજળ ધોળુ, કંકુ ધોળુ અને દૂધ પણ ધોળુ એમ કહેવામાં આવે અને આંખ ઉઘાડીને હળધર, કાજળ કીંવા કંકુ જુવો નહીં તો પછી તેમનું કહેવું શા માટે સાચુ ન મનાય?

વહેમી મનુષ્યો પોતાના ઘરનાં માણસોને ભૂખ્યાં ભડભડતાં રાખી એવા સ્વાર્થીને આપવા જાયછે ત્યારે તેઓ કોઈ દિવસ એમ નથી કહેતા કે હવે બસ ઘણું થયું? જેમ જેમ વધારે આપવા જશો તેમ તેમ તે ધૂર્ત્તની લેવાની વાંચ્છના વધતી જશે; તેવા સ્વાર્થીને કહેવામાં આવે કે તમારે કથા વાંચવી પણ દાન કે દક્ષણા લેવાનું બીલકુલ બોલવુંજ નહીં તો પછી તુર્તજ તેઓ પોથી ઉઘાડયા વગર ચાલ્યા જશે. શ્રાધ સરાવનારા બ્રાહ્મણોને કહેશો કે, દક્ષણા લીધાની વાત અલગ રાખીને સરાવો તો પછી એ સરાવનાર બ્રાહ્મણો પણ સરાવાનું પુન્ય શું છે તે કહેનાર નથી. જેટલાં જેટલાં શાસ્ત્રો સ્વાર્થીઓ પેટ ભરવા

સારૂ ભણે છે તેમાંથી દાન દક્ષણા દેવાનાં વાકય કાઢી નાંખીએ તો પછી એ શાસ્ત્રોની ગાંસડી બાંધી ગંગાજીમાં પધરાવવા જેવાં છે. શ્રાધ વખતે તરાવવાની ક્રીઆ કરાવનારા ધર્મતારકોને શ્રધા પ્રમાણે એકથી લાખ સુધી નાણાં આપવાનું કહી મરનારાને તરાવી લેછે. પાપમાંથી મરનારો તરે તેના કરતાં શ્રાધ સરાવનારા વહેલા તરેછે. કેમકે વહેમી લોકોનું ભોળાપણું તેઓને આ સંસાર તરવાને એક જાતનું વહાણછે. યજમાન જેમ લક્ષ્મીવાન હોયછે, તેમ તેના ગોરનું વહાણ મ્હોટું હોયછે.

ખાવા પીવા તથા શરીર ઉપર ઓઢવા પહેરવાની વસ્તુનું ખર્ચ જોઇશું તો કંઈ નથી પણ ધૂર્ત જનોના બોધ પ્રમાણે ચાલવામાં કમાણી ઊંચી આવતીજ નથી. ખોટા સમયે તેમજ સારા સમયે ધૂર્ત આગેવાનોની કમાણી તેજી હોયછે. દુકાળમાં પણ તેમને ઘેર અગણોતરો આવતોજ નથી. શુભના સીધાના લાડુ જેટલા તેમને ગળ્યા લાગેછે તે કરતાં અશુભના સીધાના લાડુ તેમને વધારે મીષ્ટ લાગેછે. બાયડીઓનું ભોળાપણું એજ તેઓની કમાણી છે. આંખ ઉઘાડીને જોવું નહીં એજ તેમનો ગીરાસ છે. હૈયુ ફોડીને વિચારવું નહીં એજ તેમનો ગીરાસ છે. હૈયુ ફોડીને વિચારવું નહીં એજ તેમની કમનશીબી વર્તણુંક થઈ પડી છે. માટે આવો જે જંગલી વહેમ તમારા હ્રદયમાંથી કયારે દૂર જઈ આપણા ઉપર નાહક પાયમાલી ઘણા દીવસથી અડંગા નાંખી દેશને દુઃખી કરેછે તે સત્વર સઘળી અડચણ અળગી થાય.

મંદમતિના પાસમાં ફસાએલી અબળાઓ કૂળઅકૂળ અથવા ઘટીતાઘટીતની કીંચીત પણ ખરી તુલના નહીં કરતાં ગાડરીઆ પ્રવાહની પેઠે આંખો મીચી હાથે કરી અંધ બની ધુણવાના ઢોંગ મહા ખંતથી મચાવી હાથે કરી નાણાં, પ્રતીષ્ટા અને અપકીર્તીના ખાડામાં

પોતાના કોમળ અંગને હોમેછે. હાથે કરીને પોતાની તિક્ષણ બુદ્ધિ ગેર રસ્તે દોડાવી દુઃખના ડુંગર વહોરી લેછે. કમનશીબ અન્ય તમામ જનોના દુઃખરૂપી જમાવથી દૂર ખસવાનું વિવેક દ્રષ્ટીએ કરી લક્ષમાં તેઓ લેતીજ નથી એ ખરેખર ખેદ કર્તા છે. આમ ભિન્નભિન્ન કષ્ટ, અપરંમ વિચાર ભરેલી વર્તણુક, અધિકાધીક ગેરઘટીત વૃત્તી થવાનો મુળ પાયો આ ભર્તભૂમીમાં પરવશ પડેલા અલ્પ મતિના મનુષ્યો છે. પુનઃવિચાર કરો, કારણ મતીહિણ માબાપો પોતાની રાંકડી પુત્રીઓને દુઃખકારી વંટોળીઆમાં રાપડાવતાં કીંચીત પણ વિચાર કરતાજ નથી. હું બેશક નિર્ભયપણે ખાત્રીથી કહુછું કે માબાપો પોતાની રાંકડી પુત્રીઓતે પ્રસીદ્ધ કોલેજમાં પૂર્ણ કેળવણી અપાવી વિદ્યાવૃત્તીમાં કાબેલ કરે તો ખચુસ તેવી બ્હેનો આગળ જતાં ઉપર દર્શાવેલા જૂઠા ઢોંગમાં જન્મ પર્યંત સામેલ થશે નહીં એમ નિર્વિવાદ સિદ્ધ થાયછે. યાદ રાખો પ્રયત્ને પ્રભુ સહાય આ પ્રસીદ્ધ કહેણી તમારા વહેમી કાળજામાં લખો. એક વખત નિરાશ થતાં " પુનઃપ્રયત્ને પ્રભુ સહાય " આ બીજી સમય સુચક કહેણી તમને સ્પષ્ટ રીતે સુખ દર્શાવી આપશે.

મતિહિન મૂર્ખ જનો તમો તમારી પુત્રીઓને પતંગીઆની પેઠે આંખો મીચી વહેમરૂપી દુઃખના ખાડામા ઝંપલાવોછો તેથી તમારી કુલિનતાઈ ઘટીને ગાર્વિષ્ટપણું તમારા ચિત્તમાં સજ્જડ વાસ કરી બેઠું છે, જેને અનુસરી જનતિરસ્કારનો અનાદાર નહીં સહન કરતાં વિવિધ પ્રકારે વિપત્તીઓ પાડવામાં અતીશય ઉન્મતાઈ દાખવોછો તે અકથ છે. તમો કૂળવાન અને કૂળવાનપણાની અપાત્રતા સિદ્ધ કરી આપ્યા છતાં આવો જૂઠો વિચાર તમારા મગજમાંથી દૂર કરતા નથી એ ખચીત તમારા જીવતરને ખામુખા ખામી લગાડનાર છે, અને તમારી આબરૂને નામોશી લગાડે એ નિશંકઃ છે. મૂર્ખાઈ ભરેલા વિચારોની મગરૂબીનો

પચન મગજમાંથી કાઢી નાંખી હંમેશાં વહેમથી મુક્ત રહી અન્યજનોને તેમ રાખવા કાળજી રાખવી, જેથી ઉત્કૃષ્ટતા સત્વર થશે.

આધુનીક સમયમાં અપરંમ જનો એક બીજાથી વિશેષ વિદ્વતા મેળવી, રાજ્ય દ્વાર તથા જનસમુદાયમાં પોતાની કીર્તી કરવાનો કોડ એક બીજાને ઉત્પન્ન થવાથી, તે પ્રમાણે ઘણા જનોએ પરીશ્રમ કરી વિદ્વતા, કીર્તી અને સદગુણ સંપન્ન બુદ્ધી મેળવી, સદાચારી, સભ્ય નીતિવાન, ક્ષમાશીળને ધાર્મીક થવાને પણ ઘણું કરીને કાંઈ કસર કરેલી નથી તેથી તેઓ દેદીપ્યમાન કીર્તીયુક્ત પ્રકાશ વડે વિખ્યાતી પામવા લાગ્યા. આવું વિધ વિધ સુખ ભોગવવાની સાથે તેમની બુદ્ધી વહેમ ભરેલી હોય એ કેટલુ બધુ અહિત કર્ત્તાં " જેવી મતી તેવી ગતી " આ કહેણી યથાર્થ સિદ્ધ છે. માટેજ આર્યતનુજો જ્યાં સુધી વહેમ ભરેલી મતી તમારા મગજમાંથી મટવાની નથી ત્યાં સુધી ઉપરની કહેણી મુજબ તમારી ચઢતી પકતી કેમ પ્રદર્શીત થાય ! પુરૂષ વર્ગને હજુ ઉચા પ્રકારની કેળવણી મેળવતાં હરકત પડેછે તો પછી સ્ત્રી કેળવણીની બાબતમાં જે જે ઉમદા વિચાર કરવા વ્યર્થ છે. તો પણ આજ કાલ દેશાવરોની કન્યાશાળામાં ઉતરતા ધોરણો સુધી અભ્યાસ કરાવવા ઘણા સુજ્ઞ જનો હઠયા નથી તેજ માત્ર હાલ મુબારકબાદીને આપવાલાયક છે. ઊંચા પ્રકારની સુનીતી સાથે સ્ત્રીઓ કેળવણી લે તો બેશક સંસારમાંના અનેક વહેમો વાસ કરી લાંબા વખતથી રહેલાછે, તે દૂર થશે. હવે આ બાબત પૂર્ણ કરી પ્રસંગ આવે સદર ગ્રંથનો બીજો ભાગ બહાર પાડવામાં આવશે.

સમાપ્ત.

જાહેર ખબર.

પંચોતેર રૂપીઆની બુકો બક્ષીસ આપનાર ગ્રંથ.

હુન્નર વર્ણન.

આ ગ્રંથમાં શરીર સફેદ કરવાના ૮૧ હુન્નર; ઊંદર, માકણ, મચ્છર, કીડી, માખ, ઉધઈ, સર્વ દૂર કરવાની ૩૬ રીતો; કપડાંપરથી શાહી, મેશ, વાર્નીશ, ડાંમર, લોહી વિગેરે ડાઘ કાઢવાના ૭૦ પ્રયોગ; કેરી, દ્રાક્ષ, લીંબુ, નારંગી, જામફળ તેને બગડ્યા વગર હંમેશાં રાખી શકાય એવી ૫૦૦ રીતો; અનાજ સડ્યા વગર બસેં વર્ષ રહી શકે એવી રીતો; સોનેરી, રૂપેરી, કાળી, પીળી, રાતી, છાપવાની, ગુપ્ત રખાય એવી, જમાબંદીની કચેરીમાં વપરાતી, લેખમાં પુરવાની, નકલ કરવાની, નિશાન કરવાની એમ સો જાતની શાહી; માથાના વાળ સોનેરી, રૂપેરી, કાળા એમ ઘણી જાતના કરવાની રીતો; સુતર, રેશમ અને ઉન ઉપર દોઢસો જાતના રંગ ચઢાવવાના પ્રયોગ; બારીનો, દુર્બીનનો, લીલો, પીળો, માણેક જેવો એમ ૧૦૦ જાતના કાચ; નહાવાનો, કપડાં ધોવાનો, ખસ મટાડવાનો, ઉનનાં કપડાં ધોવાનો, જાનવરને નવરાવવાનો, રેશમ ધોવાનો એમ પચાસ જાતના સાબુ; દારૂખાના સંબંધી બાણ, હવાઈ, કાતરા, બપોરીઆં, કોઠીઓ, ભૂંગળાં, ઇત્યાદી ૯૩ હુન્નર; સંધીવા, પ્રમેહ, ખસ, ખરજવાં, ઉલટી, કોલેરા, વાળો, ચુંક, મસ્તક રોગ, મરડો, કમળો ઇત્યાદી ૧૧૬ દર્દ સંબંધી અજમાશ કરેલા અકશીર હુન્નર; બનાવટી સોનું, ચાંદી, જર્મનશીલવર, ટાઇપ બનાવવાની એમ ૭૦ જાતની ધાતુ; મોગરો, સુખડ, ચંબેલી, કેવડો એમ ઘણાં અત્તર, અર્ક અને સુગંધીદાર તેલ; ૧૦૦ જાતના કાગળ; ૧૦૦ જાતનાં વાર્નીસ; ખેતરને તીડથી બચાવવાની સહેલી રીત; વન-

જાતીના ૧૦૦ હુન્નર; જગકર્ત્તાની સરખામણી કરે એવા હુન્નર જેવા કે બનાવટી બરફ, મોતી, પત્થર, ઝાડ, પરવાળાં, સોનું, રૂપુ બનાવવાના પ્રયોગ; તથા બીજા ઘણા હુન્નર મળી લગભગ આ ગ્રંથ બે હજાર હુન્નરથી બહાર પડશે કીંમત ફક્ત એક રૂપીઓ, પોસ્ટેજ ચાર આના. સાત અગાઉ તો એક બક્ષીસ. આવા ઉપયોગી ગ્રંથને માટે ફક્ત એક રૂપીઓ કડવો કરવાથી વખતે એક લાખ રૂપીઆનો ફાયદો કરાવેછે. આ પુસ્તકને માટે એટલે સુધી કબુલત આપીએ છીએ કે થનાર ગ્રાહકોને ગ્રંથ પસંદ નહીં પડે તો લીધેલી કીંમત કરતાં દોઢ ઘણી કીંમત પાછી આપી પુસ્તક દસ વર્ષ સુધી પાછું રાખવા બંધાઇએ છીએ. અગાઉથી જે ગ્રાહક થશે તેમના નામની ચીઠ્ઠીઓ એકઠી કરી તેમાંથી એક અજાણ્યા માણસ પાસે ચીઠ્ઠી ખેંચાવતાં જેના નામની ચીઠી નીકળશે તે બે જણમાં એકને પચાસ રૂપીઆની ને બીજાને પચીસ રૂપીઆની જુદી બક્ષીસ આપવામાં આવશે.

કિંમત એક રૂપીઓ, પોસ્ટેજ ચાર આના.

ગંગાબાઈ પ્રાણશંકર, કંન્યાશાળાનાં હેડ મિસ્ટ્રેસ.

મુ. માણસા.

—

સ્ત્રી હિત શિક્ષા.

આ ગ્રંથમાં સ્ત્રી પુરૂષની પરસ્પર શીશી ફરજો છે! આ સંસારમાં જન્મી ઇશ્વર પ્રીત્યર્થ શાંશાં કૃત્યો કરવાનાં છે તથા પ્રાચીન સ્ત્રીઓની સ્થિતિ કેવી હતી! અને હાલની સ્ત્રીઓની કેવીછે તથા પ્રાચીન અર્વાચીન આચાર વિચાર કેવા હતા. સ્ત્રીએ બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા પ્રર્યંત કેમ વર્તવું વિગેરે સઘળી બાબતનું આપણા આર્યશાસ્ત્ર

પ્રમાણે સંપૂર્ણ વિવેચન કરનારૂં એકે પુસ્તક ગુર્જર ભાષામાં આજદીન સુધી પ્રગટ થયું નથી. જે જે પુસ્તકો બહાર પડયાં છે તેઓ સર્વે સંપૂર્ણ જોવામાં આવતાં નથી. કેટલાંક પુસ્તકો ઉતારો છાપેલાં છે કેટલાએક અનાર્ય રચિત છે. કેટલાંએક નામના સુધારાની ધુનમાં આવી લખાયલાં છે. અને કેટલાંએક અધુરી કેળવણી લીધેલા લોકો-એ લખેલાં છે. આવાં આવાં કારણો પરથી તેઓ સમગ્ર જનસમુ-દાયને એક સરખી રીતે ઉપયોગી થયાં નથી. એ સઘળી ખોટ પૂરી પાડવા સારૂ કેટલીએક શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, આખ્યાન અને આ-ખ્યાયિકાઓનો આધાર લઈ તથા જનમંડળની સ્થિતિ અને લાગણી જોઈ તે ઉપર સંપુર્ણ રીતે વિવેચન આ ગ્રંથમાં કરવામાં આવશે. આ પુસ્તક, થનાર ગ્રાહકોને પસંદ નહીં પડે તો લીધેલી કીમત કરતાં બેગણી કીમત પાછી આપી પુસ્તક ગમે ત્યારે પાછું રાખવા બંધાઇ-એ છીએ. કિમત ફક્ત બાર આના. પોસ્ટેજ બે આના. સાત પ્રત ખપાવે તો એક બક્ષીસ.

કર્જ વિશે નિબંધ.

ગુર્જર ભાષામાં હાલ સુધીમાં ઘણી જાતના નિબંધો રચાયલા છે, પણ ઘણોજ ગહન અને મહત્વનો વિષય જે કરજનો છે. જેનું યથાર્થ જ્ઞા-નમાં ઘણા પ્રવૃત નહીં હોવાથી ઘણા પૈસે ટકે તીષ્ટસાએ અને લોક સજ્જનએ પાયમાલ બની અધમ સ્થિતિમાં આવી પડેલા દ્રષ્ટીએ પડે છે. જેમની મંદમતી વડે આ નિરપરાધી બિચારી ભર્ત ભુમી પણ વગોવાય છે; અને તેના ઉપર અન્ય ભુમીના જેવો ભારે વિસ્તાર વા-

વધા દરરોજ ફરકાવે છે, તેનું કારણ પણ આર્ય તનુજોની અધમ સ્થિતિ અલ્પમતિ અને બેઢંગી બાબતોથી ગિનાહેગાર પણામાં ગીર-ફતાર રહી આનંદ માનેછે. હિંદના માટે અતાબીશો દીગલા જેવા બની કારભારીઓ આપખુદીથી અમલ ચલાવી મરજી પુર્વક વર્તેછે. આવી આવડીન વૃત્તી રાખવાથી આખર કર્જ થઈ પડે ત્યારે પોતાનાં ગામ, જમીન, પૈસા તેમને આપી તેમના સ્વાધીન થઈ ગુલામગીરી લેહવી પડેછે. એવી બાબતનો મહત્વનો સંબંધ ધરાવનારા આ વિષય છતાં અદ્યાપી સુધી તે બાબતનું યથાર્થ વિવેચનવાળુ એક પણ પુસ્તક પ્રગટ નહીં થયેલુ હોવાથી એ મોટી ખોટ પૂરી કરવાનો આ મ્હોટો પ્રયાસ છે. આ પુસ્તકમાં બાળ લગ્નથી કેવી રીતે કર્જ થાય, વ્યસન જુગા-રથી કેવી રીતે થાય, આળસથી કેવી રીતે થાય, ઉડાઉ ખર્ચથી કેવી રીતે થાય, ગર્વિષ્ટ પ્રકૃતીથી કેવી રીતે થાય ? મોટાઈથી કેવી રીતે થાય ? સાહસ કૃત્યથી કેવી રીતે થાય, અજ્ઞાન સ્ત્રીઓથી કેવી રીતે થાય ? ઇત્યાદી ઘણી બાબતોથી સંપૂર્ણ વિવેચનવાળું આ પુસ્તક છે. આ મહત્વનો ગ્રંથ પસંદ નહીં પડે તો લીધેલી કીમત કરતાં બમણું ઘણી કીમત પાછી આપી પુસ્તક દશ વર્ષે પણ પાછું રાખવા બંધા-ઇએ છીએ. અગાઉથી થનાર ગ્રાહકોના નામની ચીઠીઓ એકઠી કરી તેમાંથી પાંચ જણને વીસ વીસ રૂપીઆની બુકો બક્ષીસ આપવા બંધાઇએ છીએ. કિમત એક રૂપીઓ. પોસ્ટેજ ચાર આના.

તા. ૧-૬-૯૧ } ગંગાબાઇ પ્રાણશંકર કન્યાશાળાનાં હેડમિસ્ટ્રેસ.
મુ. માણસા.

પુસ્તક મળવાનાં ઠેકાણાં.

માણસા—ગંગાબાઇ પ્રાણશંકર કન્યાશાળાનાં હેડમિસ્ટ્રેસ.

અમદાવાદ—બુકસેલર દ્વારકાંદાસ મોતીલાલ જુમામસીદ સામે.

વડોદરા—રૂકમાણી છગનલાલ ફીમેલ ટ્રેનિંગકોલેજનાં હેડમિસ્ટ્રેસ.

પાલણપુર—સરકારી ગુજરાતી નિશાળના મેહેતાજી જમનાદાસ

મહીસા—કરસનદાસ મુળજીભાઈ હેડમાસ્તર ગુજરાતી સ્કૂલના.

ધોડાસર—હરગોવિંદ કૃપાશંકર હેડમાસ્તર ગુજરાતી સ્કૂલ.

સોનાસણ—નારણદાસ કૃપાશંકર હેડમાસ્તર ગુજરાતી સ્કૂલ.

રોહા, કચ્છ—કલ્યાણજી પુંજીરામ જાની, કારભારી સાહેબ.

